પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૩૪ | ૩ નવેમ્બર, ૨૦૨૧, બુધવાર; આસો વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી દેશમુખની ધરપકડ

**ઈડીએ દેશમુખને આશરે પાંચ વખત સમન્સ આપ્યા હતા : અનિલ દેશમુખની ખંડણી અને મની લોન્ડરિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવી**



મુંબઈ,તા.૧

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખની સોમવારે મોડી રાત્રે લગભગ એક વાગે ધરપકડ કરવામાં આવી છે. ઈડીના અધિકારીઓએ તેમની ધરપકડની જાણકારી આપી હતી. ઈડીના અધિકારીઓ પાસેથી મળેલી માહિતી અનુસાર, અનિલ દેશમુખની ખંડણી અને મની લોન્ડરિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. અગાઉ તેમને ઈડી દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યા હતા અને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. ઈડી પાસેથી મળેલી માહિતી મુજબ, અનિલ દેશમુખ પૂછપરછમાં સહકાર આપી રહ્યા ન હતા. અનિલ દેશમુખને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી દેશમુખ તેમના વકીલ સાથે સવારે ૧૧.૪૦ વાગે દક્ષિણ મુંબઈના બેલાર્ડ એસ્ટેટ વિસ્તારમાં સ્થિત તપાસ એજન્સીની ઓફિસે પહોંચ્યા હતા. ઈડીના અધિકારીઓ તેમની સતત પૂછપરછ કરી રહ્યા હતા અને કેસ સાથે જોડાયેલી માહિતી એકઠી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ અંગે અનિલ દેશમુખના વકીલ ઈન્દરપાલ સિંહે કહ્યું કે,

● અનુસંધાન પાન-૩ પર

# રાજસ્થાન, હિમાચલમાં કોંગ્રેસ, મધ્યપ્રદેશમાં ભાજપનો દબદબો

**હરિયાણામાં આઈએનએલડીના વડા ઓમ પ્રકાશ ચૌટાલાના પુત્ર અભય ચૌટાલાએ સતત ચોથી વખત એલનાબાદ વિધાનસભા બેઠક પર જીત મેળવી**

નવી દિલ્હી , તા.૨

દેશમાં ૧૩ રાજ્યોની ૩ લોકસભા અને ૨૯ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીના પરિણામો આવી ગયા છે. રાજસ્થાનમાં કોંગ્રેસે ધારિયાવાડ અને વલ્લભનગર વિધાનસભા બેઠકો પર જીત મેળવી છે. પશ્ચિમ બંગાળની ચારેય વિધાનસભા બેઠકો પર તૃણમૂલ કોંગ્રેસે જીત મેળવી છે. મધ્યપ્રદેશની જોબત વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર સુલોચના રાવતે ૬ હજાર મતોથી જીત મેળવી છે. મંડી સંસદીય બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર પ્રતિભા સિંહે ભાજપના ઉમેદવાર રિટાયર્ડ બ્રિગેડિયર ખુશાલ સિંહને ૮૭૬૬ મતોથી હરાવ્યા છે. હિમાચલની ત્રણેય વિધાનસભા બેઠકો પર પણ કોંગ્રેસે જીત મેળવી છે. તે જ સમયે, બિહારના તારાપુરમાં જેડીયુ આગળ છે. હરિયાણામાં આઈએનએલડીના વડા ઓમ પ્રકાશ ચૌટાલાના પુત્ર અભય ચૌટાલાએ સતત ચોથી વખત એલનાબાદ વિધાનસભા બેઠક પર જીત મેળવી છે. હિમાચલ પ્રદેશમાં ત્રણ લોકસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસના ખુશાલ સિંહ ઠાકુર અને પ્રતિભા સિંહ વચ્ચે મુકાબલો હતો. કોંગ્રેસે આ બેઠક જીતી હતી. મધ્યપ્રદેશની ખંડવા સીટ પર બીજેપીના જ્ઞાનેશ્વર પાટીલ આગળ ચાલી રહ્યા છે. દાદરા અને નગર હવેલીમાં શિવસેનાના કલાબેન ડેલકરની જીત નિશ્ચિત જણાય છે. બિહારમાં મંગળવારે યોજાયેલી બે વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીની મતગણતરીમાં કુશેશ્વરસ્થાનથી સત્તાધારી જનતા દળ યુનાઈટેડ ના ઉમેદવારનો વિજય થયો છે. જેડી(યુ)ના ઉમેદવાર અમન ભૂષણ



હજારીએ કુશેશ્વર સીટ પર ૧૨,૬૯૮ મતોથી જીત મેળવી છે. તે જ સમયે, જેડીયુ તારાપુર વિધાનસભા ચૂંટણીમાં પણ આગળ છે. મધ્યપ્રદેશની ખંડવા લોકસભા સીટ પર ભાજપને મોટી લીડ મળી છે. જો ગણતરીના આંકડાઓ પર નજર કરીએ તો ભાજપે કોંગ્રેસ પાસેથી પૃથ્વીપુર અને જોબત બેઠકો છીનવી લીધી છે. તે જ સમયે, કોંગ્રેસે રાયગાંવ પર પકડ બનાવી લીધી છે, જે ભાજપની બેઠક હતી. આ રીતે ભાજપને એમપીમાં એક બેઠકનો ફાયદો જોવા મળી રહ્યો છે.

# બ્રિટન-રશિયામાં કોરોના કેસમાં વધારો

**બ્રિટનમાં ડેલ્ટા વેરિયન્ટ ઘાતક, હવે ડેલ્ટાની સબ-લાઈનેજ એવાય.૪.૨ના કેસો અત્યારે ઝડપથી વધી રહ્યા છે**

લંડન , તા.૨

આજથી લગભગ ૨ વર્ષ પહેલા શરૂ થયેલો કોરોના વાયરસનો કહેર હવે કેટલાંક દેશોમાં પરત ફરી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. કારણકે ગત કેટલાંક દિવસોમાં રશિયા, બ્રિટન, ચીન, સિંગાપુર, યુક્રેન અને પૂર્વ યુરોપ સહિત અન્ય કેટલાંક દેશોમાં કોરોના વાયરસના કેસોમાં ધીરે-ધીરે વધારો થતો જોવા મળી રહ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના જણાવ્યા અનુસાર, કોરોના વાયરસના સૌથી વધારે કેસો બ્રિટન અને રશિયામાં જોવા મળી રહ્યા છે. યુકે હેલ્થ સિક્યોરિટી એજન્સીના તાજેતરના રિપોર્ટ મુજબ, બ્રિટનમાં ડેલ્ટા વેરિયન્ટ ઘાતક સાબિત થયો છે પણ હવે ડેલ્ટાની સબ-લાઈનેજ એવાય.૪.૨ના કેસો અત્યારે ઝડપથી વધી રહ્યા છે. કોરોનાના વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખતા ચીને મોટાપાયે ટેસ્ટિંગ પણ શરૂ કરી દીધું છે. મેયર સર્ગેઈ સોબયાનિન એક રશિયા ટીવી ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું કે રશિયામાં કોરોના વાયરસના કારણે મૃત્યુ પામનાર લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આ અઠવાડિયાના અંત સુધીમાં અને આગામી અઠવાડિયાની શરૂઆત સુધીમાં કોરોના વાયરસની શરૂઆતથી અત્યાર સુધીમાં રશિયાના

● અનુસંધાન પાન-૩ પર




